દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : પ્રા. વિક્રમ ક્રિષ્નાલાલ જોષી

● વર્ષ : ૧૧ ● અંક : ૭ ● તા. ૧૫-૦૧-૨૦૨૬ ● પાના : ૧૪

## ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગરનું યોજાયું સ્નેહ મિલન કાર્યક્રમ



તા.૨૧-૧૨-૨૦૨૫ના રોજ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગરનું સ્નેહ મિલન કાર્યક્રમ જી.આઈ.ડી.સી. હોલ, સેક્ટર-૨૮, ગાંધીનગર યોજવામાં આવ્યું.

બાળકોને ઈનામ વિતરણ, વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરેલ જ્ઞાતિજનનું સન્માન, વયનિવૃત્તિ પામેલ જ્ઞાતિજનનું સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં પિતૃ વંદના નું આયોજન કરવામાં આવેલ છે. જે ઘરની જવાબદારીઓ સંભાળે છે પણ વ્યતીત નથી કરતાં, જે સવાર થી સાંજ સુધી મૂંગા મોઢે પરિવારનું ગુજરાન ચલાવે છે પણ બોલતા નથી, ભગવાન તો ભૂખ્યા સુવાડતા નથી પણ આ પોતે સૂતા નથી પણ પરિવારને ભૂખ્યા તો સુવડાવતા નથી પણ સારૂં ખવડાવી ને સુવડાવે છે, પરિવાર પર આવતી આફતોનો હંમેશા ઢાલ બનીને સામનો કરે છે, પરિવારના રક્ષણ માટે જે પોતાનું ભક્ષણ થવા દે છે, જે પોતાની જરૂરિયાતો સીમિત કરી પરિવારની જરૂરિયાતો પૂરી કરે છે, પરિવારના આનંદ ને જે પોતાનો આનંદ સમજે છે, પોતાની પર આવેલી આફત ને જે મૂગા મોઢે સહન કરે છે, ભગવાન વિષ્ણુ આખા જગતના પાલનહાર છે પણ જે કુટુંબના સાચા પાલનહાર છે એવા પિતાશ્રીનું સન્માન કરવામાં આવ્યું. શ્રી ચિરાગભાઈ દ્વારા વક્તવ્યના માધ્યમથી પિતાની સંતાનોના જીવનમાં દુનિયાદારી શીખવતા ગુરુ તેમજ સંતાનોની પ્રગતિમાં અહમ સ્થાન હોવાનું જણાવ્યું હતું તથા તેમના ધર્મપત્ની શ્રીમતી કરિશ્માબેને હાજર સૌને વિઝ્યુલાઇજેશન પ્રોસેસ કરાવી દરેકને બાલ્યાવસ્થાથી પિતાજી સાથે સફર કરાવી પિતાજી નું જીવનમાં મહત્વ દર્શાવ્યું. પ્રમુખશ્રી ડો.રાકેશભાઈ ભટ્ટે પિતા ની જીવનમાં ભૂમિકા દર્શાવતું એક અલૌકિક ચિત્ર રજૂ કર્યું. દરેક સભ્યોના આંખો માંથી અશ્રુધારા નિરંતર વહેતી હતી. શ્રી બિપીનભાઈ જોષી, શ્રી વ્યોમેશભાઈ દીક્ષિત, શ્રી ભરતભાઈ પંડ્યા, શ્રીમતી દેવલબેન, શ્રીમતી નમ્રતાબેન વિગેરે ખૂબજ ભાવુક બની ગયેલ અને તેઓના પ્રાસંગિક પ્રતિભાવો આપ્યા હતા. દીકરીઓ પોતાના પિતાનું સન્માન કરતા ખૂબ જ ભાવુક બની ગયેલ હતી. વ્યક્તવ્યો, પ્રતિસાદો તથા વિઝ્યુલાઇજેશનથી સૌ ગદગદિત થઈ ગયા હતા અને પોતાના પિતાજીના ચરણોમાં

અનુસંધાન પાન નં. ૫

## તંત્રી લેખ...

જય એકલિંગજી....

શિયાળાની જમાવટ જઈ જ ન્હોતી. આપણે સૌ ચિંતામાં હતા કે ઠંડી કયાં ગાયબ થઈ ગઈ! અને અચાનક જ એવી જોરદાર ઠંડી ચાલી રહી છે કે, જાણે બધુ જ કવર કરી લીધું. ઋતુચક્રની આ વિટંબણા હજી સમજી શક્યા નથી. ખૂબ ધ્યાન રાખવા જેવી અને ચિંતાજનક બાબત છે. હાલ ધનારકના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. આ અંક આપના હાથમાં હશે ત્યારે મકરસંક્રાંતિ ઊજવાઈ ગઈ હશે. સૂર્યનું મકર ભ્રમણ આપણી સુખાકારીને વધારે તેવી લાગણી છે. કારણ કે, સમગ્ર વિશ્વમાં એક તનાવ વર્તાય છે. કેટલાક પાગલ દેશો ત્રણેક વર્ષથી એકબીજા સામે લડી રહ્યા છે. બીજા કેટલાક વિધર્મીઓ પણ લડવામાંથી નવરા પડતા નથી. જાણે કે યુદ્ધ માટે જે જન્મ લીધો હોય. જગત જમાદાર બનીને રહેતો અમેરિકાના પ્રમુખની મનોદશા પારખી શકાતી નથી. વાર તહેવારે ગતકડા કાઢીને ભારત વિરોધી વલણ અપનાવી રહ્યા છે ભારતના સરહદી તનાવતો કયારેય શાંત પડતાં નથી. સમગ્ર વિશ્વની આ સ્થિતિ જોતાં લાગે છે કે વિશ્વને યુદ્ધની નહિ બુદ્ધની જરૂર છે. આ ઋષિ સંસ્કૃતિનો આદર્શ ભવ્ય છે. સર્વે અત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયા, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ દુઃખ માપન્યુયાત્ અહીં રહેલા સૌ સુખી જાઓ, સૌ નીરોગી રહો, કલ્યાણકારી દ્રષ્ટિથી જગત નિહાળોને કોઈપણ માનવ દુઃખ ન પામો. આવો અને આટલો ભવ્ય સંદશ કોઈ અન્ય ધર્મમાં નથી. સનાતન હિન્દુ સંસ્કૃતિ ખરા અર્થમાં દયાળુ, સહિષ્ણુ છે. જીવહિંસાનો અહીં લેશમાત્ર વિચાર નથી. ભારતીય સંસ્કૃતિ આટલાં વર્ષોથી ટકી રહી છે. એના મૂળમાં આ શ્રદ્ધા સ્થાનો છે, વિશ્વાસ ટકી રહ્યો છે અનેક આક્રમણોખોરો સાજો ટકી શકી છે, એની આ ઉદાત્ત ભાવના છે. આના વિશે પહેલા પણ લખાયુ છે. ભાવિમાં પણ લખાતુ રહેશે ખેર! બ્રાહ્મણ સંસ્કૃતિની વિરાસત ભવ્ય છે એને ટકી ટકાવવાનું કામ આપણું છે આવો સહિયારો પ્રયત્ન કરી, આપણાં ઘરથી જ શરૂ કરી મજબૂત બનાવીએ. ભગવાન એકલિંગનાથ આપણા સૌને શક્તિ અને માર્ગ આપે.

સૌને જય એકલિંગજી..

# બાળ ઉછેરમાં વાર્તાનું મહત્વ

- શ્રુતીબેન ભટ્ટ (હિંમતનગર)

બાળક જન્મે છે, આ જન્મ સમયથી તેનામાં જન્મજાત ગુણ, ખાસિયત તથા સ્વભાવ હોય છે. સમયાંતરે કેળવણી, ઉછેર તથા સામાજિક વાતાવરણથી વ્યક્તિનું ઘડતર થાય છે. બાળકમાં વાંચવા લખવાની ક્ષમતા વિક્સે, તે પહેલાં શ્રવણ શક્તિનો વિકાસ થતો હોય છે. કોઈ એક વિષય પર રોચક, બોધજન્ય, અનુભવજન્ય, આનંદદાયક ઉપયોગી કથન એટલે વાર્તા. આવી વાર્તાઓનું શ્રવણ પ્રેરણા તથા આનંદ આપે છે. સકારાત્મક વિચાર આપે છે. જે જીવનમાં દિશા સૂચક બને છે. બાળક નાનું હોય ત્યારે સતત કોઈને કોઈ પ્રવૃત્તિમાં રહેવાનું પસંદ કરતું હોય છે. આ સમયે બાળકને રસ પડે તેવી નાની નાની વાર્તાઓ કહીને તેનું જ્ઞાન સાથે ગમ્મત દ્વારા મનોરંજન કરી જ્ઞાનવર્ધન શકાય.

માટીનો ઘડો કેટલું સરસ ઠંડુ પાણી આપે છે? આ પાણી પીવાથી માણસના તન મનને તાજગી મળે છે. માટીનો ઘડો કેવી રીતે બન્યો? તો ઢેફાં માંથી માટી...કુંભારે તેને અલગ અલગ પ્રક્રિયામાંથી પસાર કરી ઘડતર કર્યું... પરિણામે ઠંડુ પાણી આપતા ઘડાનું નિર્માણ થયું. બાળક જ્યારે જન્મે છે ત્યારે તેની પાસે શરીર તો હોય છે પણ તેનું મન કોરી સ્લેટ જેવું હોય છે. મનરુપી સ્લેટમાં શિક્ષણ, અનુભવ તથા સંસ્કાર રૂપે શું લખાય છે? લાગણીના અનુબંધથી કેવા રંગ પુરાય છે? આનાથી તેના વ્યક્તિત્વનો વિકાસ થાય છે. વ્યક્તિત્વના વિકાસ માટે ના ઘણાં બધા પરિબળો છે, જેમાં મહત્વનો ફાળો બાળવાર્તાનો પણ છે. સામાન્ય રીતે બાળકને જેમાં રસ પડે છે તેમાં તે ઉત્સાહથી ભાગ પણ લે છે. વાર્તા એ દરેક સંસ્કૃતિનો મૂળભૂત ભાગ છે. વાર્તા બાળકના અંતરમનના રંગોને પૂરે છે જે તેની સર્જનશીલતાને આકાર આપે છે. ભારતીય જ્ઞાન પરંપરાનો વારસો સાચવવામાં વાર્તાઓનો ખૂબ મહત્વનો ફાળો છે.

સ્મૃતિ તથા શ્રુતિની પરંપરા થી શિક્ષણ આપતું આપણું ભારત વાર્તા પરંપરાનો અખૂટ ભંડાર છે. પંચતંત્ર, હિતોપદેશ, મહાભારત, રામાયણ વગેરે વાર્તાઓ બુધ્ધિ ચાતુર્ય સહિતનું શિક્ષણ, નૈતિકતા અને સંસ્કાર આપવા માટે છે. અહીં વાર્તા માત્ર મનોરંજન નહીં પરંતુ શિક્ષણ, મૂલ્ય પ્રેરણા, ધાર્મિક અને સામાજિક સંદેશનું મુખ્ય સાધન છે. અરબ દેશની અરેબિયન નાઈટસ ની "અલીફલૈલા", "સિંદબાદની સફર", "અલાદિન"જેવી વાર્તાઓ કૌતુહલ સાથે મનોરંજન, સાહસ સાથે બુધ્ધિ અને ચતુરાઈના પાઠ પણ ભણાવે છે.

ગાંધીજી કહે છે કે "વાર્તાઓ વિચારોને ઘડે છે અને વિચારોથી જ માણસ ઘડાય છે"

રોબર્ટ મેકી--"વિચારને દુનિયામાં પહોંચાડવાનો સૌથી શક્તિશાળી માર્ગ વાર્તા કથન છે". હિતોપદેશ તથા પંચતંત્રમાં પશુ પક્ષીઓના પાત્રો મારફતે નૈતિક શિક્ષા આપવામાં આવે છે. દરેક વાર્તા પાછળ કોઈક બોધ હોય છે. કૌતુક ભરી વાર્તા સાંભળી બાળકની કલ્પના શક્તિ પણ વિકસે છે. મહાભારતના કૃષ્ણ લીલાની જ્યારે દાદી કે નાની વાર્તા કહેતા હોય ત્યારે બાળક નાનકડા કૃષ્ણમાં પોતાને જ દેખતું હોય છે. મહાભારતમાં અને રામાયણમાં અધર્મ પર ધર્મનો વિજયનો સંદેશો બાળ માનસને અસર કરે છે. ધર્મરક્ષણ માટે પ્રેરણા આપે છે. વાર્તાઓથી બાળકમાં વીરતા, શૌર્ય, ક્ષમા, ઈમાનદારી, સંપ, ઉદારતા, ભક્તિ ,સમ્યક વિચાર જેવા અનેક ગુણોનો વિકાસ થાય છે. ભારતમાં જ નહીં પણ પુરા વિશ્વમાં વાર્તાઓનું એટલું જ મહત્વ છે.

ભારત, આફ્રિકા અને ચીન વાર્તાનો ઉપયોગ મૂલ્યો અને સંસ્કૃતિ જાળવવા માટે કરે છે.

ગ્રીસ અને યુરોપમાં વાર્તાનો ઉપયોગ વીરતા સાહિત્ય અને કલ્પનાનો વિકાસ થાય એટલા માટે થાય છે. અરબી દેશોમાં વાર્તાનો ઉપયોગ મનોરંજન અને બુધ્ધિ પ્રેરણા માટે થાય છે.

લેટિન અમેરિકામાં વાર્તાનો ઉપયોગ ઇતિહાસ અને પૂર્વજોની સંસ્કૃતિને યાદ રાખવા માટે કરવામાં આવે છે.

તેનાલી રામા, બિરબલ, મુલ્લા નસરુદ્દીન, શેખચીલ્લી, વ્યોમકેશ બક્ષી, ચાચા ચૌધરી જેવા હાસ્યપ્રધાન, બુધ્ધિશાળી અને હાજર જવાબી પાત્રો અનેક લોકકથાઓ અને સાહિત્યમાં જોવા મળે છે.

જેમની ચતુરાઈના કિસ્સા ભારત ભરમાં ખૂબ જ પ્રખ્યાત છે. અચંબિત થવાય તેવી સિંહાસન બત્રીસી એ ભારતીય લોકવાર્તાઓનો સંગ્રહ છે. તે જ પ્રમાણે વિક્રમ વેતાલની પણ વાર્તાઓ છે.

આપણા દેશના સ્વાતંત્ર સેનાની અને શહિદ તથા શૂરવી જેવા કે મંગલ પાંડે, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, મહારાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી જેમને રાષ્ટ્રપિતાનું બિરુદ મળ્યું છે, છત્રપતિ શિવાજી, પૃથ્વીરાજ ચૌહાણ, મહારાણા પ્રતાપની ગાથાઓ આપણી ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો છે. મેવાડને બચાવવા માટે પોતાના પુત્રનું બલિદાન આપનાર પન્ના ધાઈને તો ન જ ભુલાય. આવા તો અનેક શૂરવીરોના દ્રષ્ટાંત કિશોરો તથા યુવાનોમાં દેશભક્તિ અને વીરતાના ગુણો વિકસાવવામાં મોટો ભાગ ભજવે છે.

આપણા ગુજરાતી લેખકોનો પણ વાર્તાઓનો ખજાનો કંઈ કમ નથી. ગિજુભાઈ બધેકાને તો "મૂછાળી મા" "બાળ સાહિત્યના બ્રહ્મા"તરીકે આપણે સૌ ઓળખીએ છીએ. ગિજુભાઈ બધેકાએ આજથી સો વર્ષ પહેલા એશિયાનું સૌથી પહેલું બાલમંદિર શરૂ કર્યું હતું. તેઓ ઇચ્છતા હતા કે બાળકને વાર્તાથી શિક્ષણની પ્રેરણા મળે. સૌરાષ્ટ્રની રસધાર "૧૪ વર્ષની ચારણ કન્યા" જેમાં એક ૧૪ વર્ષની દીકરી પોતાની વાછરડી ને બચાવવા માટે એક લાકડીના સહારે સિંહને પડકારીને ભગાવી મૂકે છે. આ કવિતા એક પ્રસંગગાથા જ છે જે માત્ર બાળકોને જ નહીં પણ દરેક સાંભળતા વ્યક્તિના રોંગટા ઊભા થઈ જાય, મરતા વ્યક્તિમાં પણ જીવ મૂકી દે .જે આપણા રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જ કૃતિ છે. ધૂમકેતુ રચિત "જુમો ભિસ્તી" જેમાં એક અબોલ પ્રાણી પોતાના માલિકનો જીવ બચાવવા મોતને વાહલું કરે છે. આજના સ્વાર્થના જમાનામાં માલિક અને પાલતુ પ્રાણી વચ્ચેનો પ્રેમ અહીં જોવા મળે છે. આપણા ભાષા સાહિત્યની ઉત્તમ કૃતિએ આંખો ભીની થઈ જાય એવી સંવેદનશીલ વાર્તાઓ પણ છે .એની સાથે જીવરામ જોશીની "મિયા ફુસકી" "છકો મકો" "અડુકિયો દડુકિયો જેવી રમુજી વાર્તાઓનો સંગ્રહ પણ આપણી ગુજરાતી વાર્તાના ખજાનામાં છે.

પહેલના સમયમાં જ્યારે ટીવી નહોતા ત્યારે બાળ મનોરંજન અને જ્ઞાનનું એક જ અગત્યનું સાધન હતું તે વાર્તા. દરરોજ સાંજ પડે અને બાળકો દાદી કે નાની ની આજુબાજુ વિંટળાઈ જાય અને આપણા ભવ્ય વારસાને વાર્તા સ્વરૂપે સાંભળે. જે વાત આપણે બાળકને સીધી રીતે ના સમજાવી શકીએ તેને વાર્તા સ્વરૂપે દ્રષ્ટાંત દ્વારા રસપ્રદ રીતે રજૂ કરીને સરળતાથી તેના મગજમાં ઉતારીશ શકીએ. જોકે જે વાર્તાઓ પહેલાના જમાનામાં બાળકો વડીલો પાસેથી સાંભળતા હતા તે જ વાર્તાઓ અત્યાર કાર્ટુન સ્વરૂપે બાળકો જોઈ શકે છે. પરંતુ તેમાં જે બતાવવામાં આવે તે જ બાળક જોવાનું હોય છે. પરંતુ જ્યારે વાર્તા કહેવામાં આવે ત્યારે અલગ જ અનુભૂતિ હોય છે. ઘોડા પર બેઠેલા રાજાનું વર્ણન કરવામાં આવે તો બાળક કલ્પના કરે છે છેક બાળકના કલ્પનાનો ઘોડો અલગ અલગ રંગનો હોય છે. કોઈ બાળકોને ઘોડો સફેદ હોય તો કોઈ બાળકનો ઘોડો કાળો પણ હોઈ શકે. દરેક બાળકના કલ્પનાનો રાજા અલગ અલગ રૂપ રંગ વાળો હોઈ શકે છે. આમ બાળકમાં કલ્પનાશીલતા અને સર્જન શક્તિનો વિકાસ થાય છે.

**ભાષા શીખવામાં ચાર કૌશલ્યો આવશ્યક છે. લેખન, વાંચન, શ્રવણ તથા કથન.**

જેમાં અક્ષર જ્ઞાન વગર પણ જ્ઞાન આપી શકાય તેવું કોઈ માધ્યમ હોય તો કથન તથા શ્રવણ છે, આ બંને કૌશલ્યોનું મૂળ માધ્યમ વાર્તા છે. વાર્તા લખવા તથા કહેવામાં કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે. વાર્તા રસપ્રદ સચોટ તથા અર્થપૂર્ણ હોવી જોઈએ. વાર્તાને અંતે બાળક કંઈક વિચારતું થાય, અભિપ્રાય આપતું થાય, પોતાનો મત વ્યક્ત કરતું થાય, સારા નરસાનો ભેદ પારખતું થાય તથા બોધ મેળવી શકે તેવી હોવી જોઈએ. બાળકનો પહેલો ગુરૂ તેની માતા છે. સ્વામી વિવેકાનંદને માતા ભુવનેશ્વરીએ, મહાત્મા ગાંધીને પૂતળી બાઈયે અને ડૉક્ટર એ.પી.જે. અબ્દુલ કલામને ગુરૂજનો પાસેથી સાંભળવા મળતી પ્રેરણાદાયી વાર્તાઓએ માનવમાંથી મહામાનવ બનાવવામાં ફાળો આપ્યો છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયને અંત્યોદયનો વિચાર, રાષ્ટ્ર સેવાની તીવ્ર ભાવના વાર્તા પ્રેરિત અનુભવોથી જ વિકસ્યો છે. સાહસ તથા ટૂંકી વાર્તા તેમજ અન્ય પ્રકારની વાર્તાઓ સહજ રીતે જે ને વિચારનું વાવેતર કરે છે. આ બીજનું વટ વૃક્ષ થતાં માણસ સફળ બને છે. આનાથી સમાજ સાહિત્યિક રીતે સમૃદ્ધ બને છે. વાર્તા જીવનનું તથા શિક્ષણનું અભિન્ન અંગ છે અને રહેશે.








પાન નં. ૧ નું અનુસંધાન

વંદન કરી ભેટી પડ્યા હતા અને વાતાવરણ અતિભાવવિભોર બની ગયું હતું. આ દ્રશ્ય નિહાળી રહેલા દરેક સભ્યો ની આંખોમાંથી આંસુરૂપી પિતા પ્રત્યેનો પ્રેમ વહેતો હતો. ઘણાં સભ્યો તો કહેતા પણ સાંભળાયા હતા કે પિતા નું આટલુ મહત્વ તો અમારા ધ્યાને પણ પ્રથમ વખત આવ્યું. "દીકરી ને ગાય દોરે ત્યાં જાય" "દીકરી વ્હાલનો દરિયો" "માં તે માં બીજા બધા વગડા ના વા" આવી કહેવતો વચ્ચે કોઈકે સરસ રજૂઆત કરી “પરિવાર માટે પરોપકારી એટલે પિતા”. આમ, પ્રેમધારાઓ અને ભાવાત્મક વાતાવરણ વચ્ચે સંવેદનશીલ કાર્યક્રમ “પિતા પૂજન” સંપન્ન થયો.

ભોજનસમારંભ બાદ ગીત ગુંજન કાર્યક્રમ રાખવામાં આવેલ, આ કાર્યક્રમને સુંદર બનાવવા માટે શ્રી હિમાંશુભાઇ પુરોહિત દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતુ.

કાર્યક્રમનું સંચાલન શ્રી ભાવેશભાઇ વ્યાસ દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ હતુ ગાંધીનગરના શ્રી હિમાંશુભાઇ ગાયકવાડની ટીમ દ્વારા સરસ મજાનું સંગીત પુરૂ પાડી કાર્યક્રમ ખુબ જ યાદગાર બનાવી દીધેલ હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ



સમાજ દ્વારા તમામને ચા-નાસ્તો કરાવી છુટા પડ્યા.

સ્નેહમિલન કાર્યક્રમના ભોજન સમારંભના દાતા ગં.સ્વ.પુષ્પાબેન ચંદ્રકાન્તભાઈ જોષી હસ્તે પરેશભાઈ સી. જોષી હતા. બેગના દાતા હર્ષદભાઈ જોષી રહ્યા હતા.

સમાજના પ્રમુખશ્રી ડૉ.રાકેશભાઈ ભટ્ટ, ઉપ પ્રમુખશ્રી ચિરાગભાઈ જોષી, મંત્રીશ્રી નિરવભાઈ પંડ્યા, ખજાનચી શ્રી ભરતભાઈ પંડયા સહિત કારોબારીના સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા અથાગ મહેનત કરી હતી.

કાર્યક્રમના અંતમાં મંત્રીશ્રી નિરવભાઈ પંડયાએ સૌનો આભાર માન્યો હતો.

# ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગરનું યોજાયેલ સ્નેહ મિલન કાર્યક્રમની તસ્વીરીક ઝાંખી



















































## ડૉ.જ.મુ.મહેતા સમસ્ત ભટ્ટ મેવાડા છાત્રાલયનું યોજાયુ સ્નેહમિલન કાર્યક્રમ







તા.૦૪-૦૧-૨૦૨૬ના રોજ ડૉ.જ.મુ.મહેતા સમસ્ત ભટ્ટ મેવાડા છાત્રાલય, મીઠાખળી, અમદાવાદનું સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કાર, એકલિંગજી પરિવારના સ્વર્ગીય આત્માને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ.

સવારે ૯:૦૦ કલાકે ચા-નાસ્તા બાદ દીપપ્રાગટ્ય અને રૂપરેખા મુજબ કાર્યક્રમ અને ૧૨:૩૦ કલાકે પ્રીતિભોજન બાદ સૌ જ્ઞાતિજન છુટા પડયા હતા.



## બૃહદ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ, ગઢી (વાંસવાડા) દ્વારા કરાયું સન્માન





બૃહદ ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ, ગઢી (વાંસવાડા) ખાતે બે દિવસીય પ્રતિભા સન્માન સમારોહ અને ખેલકુદ પ્રતિયોગીતા-૨૦૨૫ તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન તા.૨૫ અને ૨૬મી ડિસેમ્બર-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ જેમાં ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજના મંત્રીશ્રી નિરવભાઈ પંડયાને આમંત્રણ આપવામાં આવતાં તેઓ આમંત્રણને માન આપી હાજર રહેલ હતાં અને તેઓનું સન્માન કરવામાં આવેલ છે.

# શ્રી ભટ્ટ મેવાડાસમાજ, હિંમતનગરનું યોજાયુ સ્નેહમિલન સંમેલન





શ્રી ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગરનો સ્નેહ મિલન, ઈનામ વિતરણ તથા વડીલ વંદનાનો કાર્યક્રમ તા.૨૫-૧૨-૨૦૨૫ને ગુરૂવારે શ્રી ગાયત્રી મંદિર હોલ, કાંકણોલ, હિંમતનગર મુકામ યોજાયો હતો. ડૉ.યોગેન્દ્રભાઈ ઋષિરાજ અગ્નીહોત્રીએ અધ્યક્ષસ્થાને શોભાવ્યું હતું, ડૉ.રાકેશકુમાર એન. જોષી, શ્રી રાકેશકુમાર એમ. ભટ્ટ તથા શ્રી નારાયણપ્રસાદ એસ. ઉપાધ્યાય અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. સમાજના પ્રમુખશ્રી ગીરીશભાઈ વ્યાસે સમાજના આમંત્રણને માન આપી ધારેલા મહેમાનો તથા જ્ઞાતિબધુઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. મહામંત્રીશ્રી જયંતભાઈ જોષી એ સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો હતો. આ પ્રસંગે ધોરણ-૧ થી અનુસ્નાતક કક્ષા સુધીના સમાજના તેજસ્વી તારલાઓનું ઈનામ તથા સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. સમાજના ૭૦ વર્ષથી વધુ હોયના વડીલોનું શાલ ઓઢાડી, ઈષ્ટદેવશ્રી એકલિંગજી દાદાનો ફોટો તેમજ શ્રી યંત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે શ્લોકગાન, વેશભૂષા, મહેંદી તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તદઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સમાજના જ્ઞાતિબંધુઓ તથા બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે ડૉ.રીટાબેન જોષી, શ્રીમતી આશાબેન તથા શ્રીમતી ભૂમિબેન ભટ્ટે સેવા આપી હતી. ડૉ.જૈમીન ભટ્ટે કાર્યક્રમનું જીવંત પ્રસારણ કર્યુ હતું. આભાર વિધિ ઉપપ્રમુખશ્રી ડૉ.દિવ્યેશભાઈ ભટ્ટે કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન નિગમભાઈ, મહેશભાઈ, સુનિલભાઈ તથા તૃષા બહેને કર્યુ હતું.

પૂર્વ પ્રમુખો તથા સલાહકાર એવા શ્રી રશ્મિકાંતભાઈ પંડયા, શ્રી સર્વાનંદભાઈ ભટ્ટ, ફેડરેશનના પ્રમુખશ્રી વિભાકરભાઈ ભટ્ટ વગેરેની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. જ્ઞાતીબંધુઓના આર્થિક સહયોગ તથા કારોબારી સભ્યોનો અથાગ પુરૂષાર્થની ફલશ્રુતિ રૂપે કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

અંતમાં સ્વરૂચિ ભોજન લઈ સૌએ વિદાય લીધી હતી.

- જયંતભાઈ જોષી, મહામંત્રીશ્રી, ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગર.

# રાયગઢ સઢા પરિવાર દ્વારા નવચંડી યજ્ઞનું કરાયું આયોજન








શ્રી જીતેન્દ્રભાઈ શુક્લ ના આચાર્ય પદે અને રાયગઢ સઢા પરિવારના શ્રી સંદિપભાઈ હસમુખરાય ભટ્ટના યજમાન પદે તા.૪-૧-૨૦૨૬ના રોજ સઢા મુકામે વારાહી માતાજીના પટાંગણમાં ઉત્સાહ અને દિવ્ય આનંદના વાતાવરણમાં નવચંડી યજ્ઞ યોજાયો.

રાયગઢ સઢા પરિવાર દર વર્ષે સઢા મુકામે નવચંડી યજ્ઞનું આયોજન કરે છે. આ પ્રસંગે કૌટુંબિક ભાવના અને પરસ્પર પરિચય જળવાઈ રહે તે આશયથી સ્વ.જશવંતલાલ નર્મદાશંકર ભટ્ટ અને સ્વ.પ્રકાશભાઈ મંગળપ્રસાદ ભટ્ટ ના વિશેષ પ્રયત્નો થી શરું કરવામાં આવેલ આ પ્રયાસને અંગત ઉત્સવ તરીકે ઉજવવા સાથે હાલ ૨૦૩૨ સુધી યજમાનોના નામ નોંધાવવામાં આવ્યા છે. ઉપરાંત આ પ્રસંગે અખિલ હિંદ ભટ્ટ મેવાડા સમાજ દ્વારા સંચાલિત - નિરંજના બેન ભરતકુમાર ભટ્ટ પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજના અને અન્ય આવી સમાજોપયોગી કાર્યો માટે શક્ય તમામ સહકાર આપવા માટે સૌને વિનંતી કરાઈ જેને હર્ષોલ્લાસ સાથે વધાવવામાં આવી.

વર્ષ ૨૦૨૭ માટે શ્રી પંકજભાઈ છોટાલાલ ભટ્ટ અને શ્રી વિમલભાઈ છોટાલાલ ભટ્ટ પરિવારના યજમાન પદે નવચંડી યજ્ઞ યોજાશે.

રાયગઢ સઢા પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગ સફળ બનાવ્યો હતો. અને સવારથી શરૂ થયેલ નવચંડી યજ્ઞ સાંજે બ્રહ્મ ભોજન બાદ આવતા વર્ષ ફરી મળવાના નેમ સાથે છુટા પડયા હતા.

# શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, નરોડાનું યોજાયું સ્નેહમિલન કાર્યક્રમ






શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ નરોડા (પૂર્વ) દ્વારા સ્નેહ મિલનનુ આયોજન તા. ૨૮.૧૨.૨૦૨૫ ના રોજ કરવામા આવ્યુ હતુ.

કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ શ્રી એકલીંગજી દાદાની સ્તુતિનુ ગાન શ્રી મનોજભાઈ પુરોહિત દ્વારા કરી ત્યારબાદ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

કાર્યક્રમના અતિથિ વિશેષ એવા નરોડા ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી ઈશ્વરલાલ મણિલાલ જોશી,

(પ્રાથમિક શિક્ષણ નિયામક) શ્રી મહેશભાઈ ઈશ્વરલાલ જોશી, શ્રી કિરીટભાઈ અદિતરામ જોશી, શ્રી ધીરજભાઈ શાસ્ત્રી તથા શ્રી ભગવતીપ્રસાદ ભટ્ટ, કમિટી સભ્યો અને આ વખતે ૨૭૫ થી વધુ જ્ઞાતિજનો સ્નેહ સંમલેનમાં ઉપસ્થિત રહ્યા હતા.






દર વર્ષની જેમ આ વર્ષે પણ નરોડા ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરસ્કાર યોજવામાં આવ્યો જેમા સારા પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને શ્રી રીતેશભાઈ ભટ્ટ દ્વારા ૫ મેડલ તથા ૧૬ ટ્રોફી આપી દરેક વિદ્યાર્થીઓનો જુસ્સો વધાર્યો અને અંતે સૌ જ્ઞાતિજન સાથે પ્રીતિ ભોજન લઈ વિશેષ આભાર વ્યક્ત કરી છૂટા પડયા.

ખાસ વાત કે આવનારા શ્રી એકલિંગજી દાદાના પાટોત્સવમાં (વર્ષ-૨૦૨૬) લઘુરુદ્રના દાતા તરીકે શ્રી જીગ્નેશભાઈ બળવંતરાય જોશી એ ૨૧,૦૦૦/- ના ફાળા માટે નામ નોંધાવેલ છે, નરોડા સમાજ દ્વારા તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને ઉપસ્થિત પધારેલ સૌ જ્ઞાતિજનોનો અમે અંતઃકરણ થી આભાર માનવામાં આવ્યો.

# શ્રી અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશન, ગાંધીનગર સંચાલિત શ્રીમતિ ઉષાનંદી વિનોદચંદ્ર જોશી અન્નપૂર્ણા સહાય યોજના

આપ સૌ જાણો છો તેમ ફેડરેશન સંચાલિત શ્રીમતી ઉષાનંદી વિનોદચંદ્ર જોષી અન્નપૂર્ણા સહાય યોજના હેઠળ વર્ષમાં બે વાર કીટ આપવામાં આવે છે. સમાજના દાતાઓના ઉદાર દાનથી સમાજ પ્રત્યેની સેવા ફેડરેશન દ્વારા થઈ રહી છે. જેમાં સમાજના નિરાધાર, અશક્ત હોય તેવા પરિવારોને કીટ આપવામાં આવે છે.

ભગવાને જો આપ્યું હોય તો આ ભવ સુધારવા સમાજના જરૂરિયાતમંદોને મદદરૂપ થવું જોઈએ. સામાજીક પ્રસંગ લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગે પણ દાનનો સ્વીકાર કરવામાં આવે છે.

**ફેડરેશનને અપાતી દાનની રકમ આવકવેરા કલમ ૮૦જી હેઠળ કરમુક્તિને પાત્ર છે.**

<u>આ યોજના હેઠળ પ્રાપ્ત થયેલ દાનની વિગત</u>

નવેમ્બર-૨૦૨૫

| | |
|---|---|
| રૂા.૨,૦૦૩/- | શ્રી ભરતભાઈ અરવિંદભાઈ પંડ્યા, ગાંધીનગર |
| રૂા.૧,૯૯૯/- | શ્રી હસમુખભાઈ અમૃતલાલ જોષી |
| રૂા.૧,૦૦૧/- | શ્રી દિપકભાઈ રામલાલ પંડ્યા |
| રૂા.૧,૦૦૦/- | શ્રી યોગેશભાઈ નટવરલાલ જોષી |
| રૂા.૫૦૦/- | શ્રી ભાવેશકુમાર તુલસીદાસ વ્યાસ |

વર્ષમાં બે વખત અપાતી આ અનાજ સહાય કીટથી આખા વર્ષ દરમ્યાન તેઓ બે ટંકનું ભોજન પ્રાપ્ત કરી શકે છે.

દાનની રકમ અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશનના ખાતામાં ઓનલાઇન કે ચેકથી આપી શકો છો. દાન આપવા માટેની બેંકની વિગત આ પ્રમાણે છે.

| | |
|---|---|
| Bank Name | : Bank of India, Gandhinagar, |
| Branch | : Sector-16 |
| Account Name | : Akhil Hind Bhatt Mevada Brahma Samaj Federation |
| Account No. | : 202010110017389 |
| ISFC code | : BKID0002020 |

દાન કર્યા બાદ તેની વિગતો ફેડરેશનના ખજાનચી શ્રી ભરતભાઇ પંડ્યા, ગાંધીનગર (મો. ૯૮૯૮૮૯૭૩૮૦) ને વોટસઅપથી જાણ કરવા વિનંતી છે. દાનની રકમ આવકવેરા કલમ ૮૦જી હેઠળ કરમુક્તિને પાત્ર છે.

અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશન સંચાલિત શ્રીમતી ઉષાનંદી વિનોદચંદ્ર જોષી અન્નપૂર્ણા સહાય યોજના હેઠળ સમાજના વૃદ્ધ, નિરાધાર, અશક્ત, વિધવા, ત્યક્તા પરિવારોને વર્ષમાં બે વાર અનાજની કીટ (અનાજ/ કરીયાણાની કીટ જેમાં રૂા.૪,૦૦૦/- અને રૂા.૧,૦૦૦- રોકડા) આપવામાં આવે છે.

# શ્રી એકલિંગજી શરણ નોંધ

૧. વિમળાબેન ગીરીશભાઈ પંડયા, અમદાવાદ તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૨. કોકીલાબેન અરૂણકુમાર જોષી, કુકરવાડા હાલ અમદાવાદ તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ એકલિંગજી શરણ થયેલ છે.

૩. ચંદ્રશેખર લાભશંકર દિક્ષીત, રાયગઢ હાલ મુંબઈ તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૪. વિનોદભાઈ પ્રહલાદભાઈ પંડયા, રાયગઢ હાલ અમદાવાદ તા.૨૭/૧૨/૨૦૨૫ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૫. હંસાબેન ભાલચંદ્ર પંડયા, કડીયાદરા હાલ તલોદ તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૬. શારદાબેન મણીલાલ જોષી, અમદાવાદ તા.૦૩/૦૧/૨૦૨૬ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૭. મહેન્દ્રકુમાર ધુળાલાલ જોષી, રાયગઢ તા.૦૫/૦૧/૨૦૨૬ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૮. ઉપેન્દ્રભાઈ કંચનલાલ જોષી, અમદાવાદ તા.૦૫/૦૧/૨૦૨૬ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૯. મહેશકુમાર કૃષ્ણકુમાર પુરોહિત, રણાસણ હાલ અડાલજ તા.૦૬/૦૧/૨૦૨૬ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૦. ભાસ્કરભાઈ કેદરલાલ પંડયા, પ્રાંતિજ તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૧. દર્શનાબેન કેતનકુમાર પંડયા, અમદાવાદ તા.૧૪/૦૧/૨૦૨૬નના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

૧૨. દિલીપકુમાર વિઠ્ઠલદાસ ભટ્ટ, જુના સોમપુર (મહિયાપુર) તા.૧૫/૦૧/૨૦૨૬ના રોજ એકલીંગજી શરણ થયેલ છે.

સ્વર્ગસ્થના આત્માઓને શ્રી એકલીંગજી દાદા શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો પર આવી પડેલ આપત્તિ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

# ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



રૂચાબેન ઉમેશકુમાર ગોરએ માહે સપ્ટેમ્બર-૨૦૨૫માં લેવામાં આવેલ સી.એ. ફાઈનલમાં ઉત્તિર્ણ થયેલ છે. જે બદલ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદાને પ્રાર્થના.



વિજાપુરના વતની શ્રી નિકેશકુમાર જોષી અને શ્રીમતી ગીરાબેનના પુત્ર ચિ.વત્સલએ લંડન ખાતેથી માસ્ટર ઓફ સાયન્સમાં એડવાન્સ એન્જીનીયરીંગ અને મેનેજમેન્ટમાં માસ્ટર ડીગ્રી હાંસલ કરવા બદલ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદાને પ્રાર્થના.




રાજય સરકારમાં આઈ.એ.એસ. તરીકે ફરજ બજાવતા ભટ્ટ મેવાડા સમાજના અગ્રણી એવા ડૉ.સંજયભાઈ જોષીએ તાજેતરમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૬ માં વોકલ ફોર લોકલની વિસ્તૃત માહિતી આપેલ હતી.